ક્રિમી.કેસ નં.૨૦૦૪/૨૦૨૨

## ગુનો : પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી) મુજબ

## :: ઠરાવ ::

૧. ફરીયાદ પક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૨૯.૦૭.૨૦૨૨ ના રોજ ક.૧૯/૧૦ વાગ્યે લાલપુર પોસ્ટ ઓફીસ પાસે, જાહેરમાં, તા.લાલપુર મુકામે ગેરકાયદેસર રીતે, વગર પાસ પરમીટે કેફી પ્રવાહી પીધેલ હાલતમાં જાહેર માં નીકળતા પકડાઇ ગયેલ અને જેથી આરોપી વિરૂધ્ધ તપાસ ના અંતે પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ ના ગુના સબબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. પરંતુ ચાર્જશીટ તથા તે સાથે રજુ દસ્તાવેજો ધ્યાને લીધા બાદ, આંક - ૦૧ હેઠળ કરેલ હુકમ મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ ની કલમ – ૮૫(૧) મુજબ નો ગુનો બનતો ન હોય, આરોપીને સદરહું ગુના માંથી ડીસ્ચાર્જ કરી, પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી) મુજબ ના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૨. આ કામના આરોપી હાજર થતાં, તેમને પોલીસ પેપર્સ ની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ તેમને પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી) મુજબ નો ગુનો કબુલ હોય, તેવી હકીકત પુરસીસ થી જાહેર કરેલ છે. જે અન્વયે આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇ અંગે સમજ આપવામાં આવેલ છે તેમજ આરોપીને તે ગુનાની કબુલાત કરવા બંધાયેલ ન હોવાનુ પણ જણાવવામાં આવેલ છે. તેમ છતાં, આરોપી પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી) મુજબનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરતા હોવાનુ જણાવેલ છે અને તે કબુલાત પુરસીસ ની હકીકતોને વળગી રહે છે.

૩. આ કામે આરોપીની પ્લી લેતાં, તેમાં પણ આરોપી સ્વેછાએ ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવે છે અને કબુલાત પુરસીસ મુજબ ની રજુઆત કરે છે કે, તે ગરીબ વર્ગના છે, મજુરી કરે

છે અને આ તેઓનો પ્રથમ ગુનો છે અને ફરી આ પ્રકારનો ગુનો નહીં કરે તેવી ખાત્રી આપે છે અને જેથી ઓછા માં ઓછી રકમ નો દંડ કરવા અરજ કરેલ છે.

૪. આરોપી જયારે તેમની સામેના ગુનાની કબુલાત કરે છે, તે તમામ સંજોગો અન્વયે નામ. ગુજરાત હાઈકોર્ટ નો ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર નો ચુકાદો જે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં.૭૦૯ ઉપર પ્રસીધ્ધ થયેલ છે, તે ધ્યાને લેવો જરૂરી છે. સદરહું ચુકાદા ના પેરા નં.૨૧ માં જણાવેલ કારણો વંચાણે લેતાં, તે હાલ ના કેસ માં લાગુ પડે છે. આ કામ ના આરોપી પણ જણાવે છે કે, તે કુટુંબ કબીલાવાળા છે અને મજુરી કરી પરીવાર નું ગુજરાન ચલાવે છે તથા તેઓ વિરૂધ્ધ નો આ પ્રથમ ગુનો છે. આમ, આરોપી ની આર્થીક અને સામાજીક પરીસ્થીતી તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ ના ઉપરોકત ચુકાદા માં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં, આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા નહીં કરી, હળવા દંડનો હુકમ કરવાથી ન્યાય નો હેતુ જળવાય તેમ હોય, નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**— :: <u>હુકમ</u> :: —**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ – ૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટ ની કલમ – ૬૬(૧)(બી) ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, તેઓને સદરહું ગુનો કરવા બદલ રૂા.૩૦૦/- અંકે રૂપીયા ત્રણસો પુરા નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો તેઓને દીન – ૧ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૨, માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગ માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| Date : 12/11/2022<br><br>Place : Lalpur | (DINESH KISHANCHAND NATHANI)<br>PRINCIPAL SR. CIVIL JUDGE &<br>ADDL. C.J.M., LALPUR,<br>DIST.JAMNAGAR.GJ01070 |